# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03/04/2026** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સિમ્પલ ઠક્કર** વાંચે છે.

---

1. **સરકાર દ્વારા પેટ્રોરસાયણ ઉત્પાદનો પર 30 જૂન સુધી સંપૂર્ણ કસ્ટમ ડ્યૂટી મુક્તિ અપાશે.**
2. **ભાવનગરમાં ગૌરવ પથ પર 533 કરોડના ખર્ચે 4 લેન ફ્લાય ઓવર બ્રિજ બનશે.**
3. **રાજ્યમાં વધી રહેલી કેફી પદાર્થોની દાણ ચોરીને રોકવા ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા શૌર્ય જહાજને પોરબંદર ખાતે તહેનાત કરાયું.**
4. **મહીસાગર એસ.ઓ.જી.એ બાલાસિનોર પાસે દેશી તમંચા અને ૦૫ જીવતા કારતુસ સાથે એકને ઝડપી પાડ્યો.**
5. **રાજ્યમાં આગામી બે દિવસ કમોસમી વરસાદની આગાહી.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# REV INTERMINISTERIAL BRIEFING

પશ્ચિમ એશિયામાં સંઘર્ષને જોતા કેન્દ્ર સરકારે મહત્વની પેટ્રો-રસાયણ વસ્તુઓ પર આગામી 30 જૂન સુધી સીમા વેરામાં સંપૂર્ણ છૂટ આપવાનો નિર્ણય કર્યો છે.

નવી દિલ્હી પશ્ચિમ એશિયાના તાજેતરના ઘટનાક્રમ અંગે આંતર-મંત્રાલયની પરિષદમાં કેન્દ્રીય અપ્રત્યક્ષ વેરો અને સીમા વેરા બૉર્ડના સભ્ય સંજય મંગલે કહ્યું , આ નિર્ણય સ્થાનિક ઉદ્યોગ માટે મહત્વના પેટ્રોરસાયણ એકમની સતત ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા તેમજ દેશમાં પૂરવઠાની સ્થિરતા જાળવી રાખવા એક અસ્થાયી અને લક્ષિત રાહત તરીકે લેવાયો છે.

પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલયનાં સંયુક્ત સચિવ સુજાતા શર્માએ કહ્યું, દેશમાં કાચા તેલની ઉપલબ્ધતા સામાન્ય છે અને રિફાઈનરીઝ પણ સંપૂર્ણ ક્ષમતાથી કામ કરી રહી છે. સરકારે પેટ્રોલ અને ડીઝલ પર આબકારી જકાત ઘટાડી છે, જેથી કિંમત સ્થિર રહે.

................................

પીટીસી- અમદાવાદ-હર્ષલ પંડ્યા - ભાવિક

# Bhavnagar Bridge

ભાવનગરમાં ગૌરવ પથ પર દેસાઈ નગરથી વરતેજ સુધીનાં આશરે 4.75 કિલોમીટર લંબાઈ ધરાવતા ફલાય ઓવર બ્રિજને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે.

આ અંગે કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું  હતુ કે,આ બ્રિજથી 31 જંકશન પર થતાં ટ્રાફિક જામનો અંત આવશે.

## બાઈટ- જીતુ વાઘાણી કૃષિ મંત્રી

..............................

ડીડી- મિત્તલ - મોનાલી

# ICGS shaury

રાજ્યમાં વધી રહેલી કેફી પદાર્થોની દાણ ચોરીને રોકવા માટે તેમજ ગુજરાતના સમુદ્રની સંવેદનશીલતાને ધ્યાને લઈ ભારતીય કોસ્ટ ગાર્ડ દ્વારા શૌર્ય જહાજને ચેન્નાઈથી પોરબંદર ખાતે તહેનાત કરવામાં આવ્યું છે .જેના કારણે વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગણાતાં ગુજરાતના દરિયા કિનારે ભારતીય કોસ્ટ ગાર્ડની કામગીરીની ક્ષમતા વધુ મજબૂત બનશે.

અગાઉ ગુજરાતમાં જ કાર્યરત એવા ભારતીય કોસ્ટ ગાર્ડના જહાજ શૌર્યને ચેન્નાઈ ખસેડવામાં આવ્યું હતું. આ અંગે કોસ્ટગાર્ડ પોરબંદર ડી. આઈ. જી. પંકજ અગ્રવાલે વધુ માહિતી આપી.

બાઈટ -પંકજ અગ્રવાલ (ડી. આઈ. જી. કોસ્ટગાર્ડ પોરબંદર હેડ ક્વાર્ટર )

ઉલ્લેખનીય છે કે **ICGS** શૌર્યને પોરબંદર ખાતે તહેનાત કરવાથી રાજ્યની દરિયાઈ સુરક્ષા વધુ મજબૂત બનશે , અરબી સમુદ્રમાં દેખરેખ વધશે તેમજ માછીમારોના હિતોની રક્ષા કરવામાં મદદ મળશે.

**...............................**

પીટીસી- પોરબંદર-મિત્તલ – મોનાલી

# Mahisagar sog

મહીસાગર એસ.ઓ.જી.એ  બાલાસિનોર પાસે દેશી તમંચા અને  પાંચ જીવતા કારતુસ સાથે એક ગુનેગારને ઝડપી પાડ્યો છે.

મહીસાગર એસ.ઓ.જી. પોલીસ ઇન્સ્પેક્ટર   વી.ડી. ધોરડાની ટીમે   મળેલી બાતમીને આધારે  ,અમદાવાદથી બાલાસિનોર તરફ આવી રહેલ          મનીષ મહેરાની  ગાડીમાંથી દેશી બનાવટની પિસ્તોલ સાથે   પાંચ નંગ જીવતા કારતુસ મળી આવ્યા હતા.

એસ.ઓ.જીની ટીમે  ગાડી સાથે કુલ  **15** લાખ **45** હજાર થી વધુના મુદ્દામાલ કબ્જે કરી આરોપી મનીષ મહેરા વિરુદ્ધ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.પકડાયેલ આરોપી મનીષ મહેરા સામે અગાઉ અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં કુલ ૧૮ જેટલા ગુનાઓ નોંધાયેલા છે

..............................

પીટીસી- મહીસાગર- મિત્તલ - મોનાલી

# Nimuben -gadkari delhi

કેન્દ્રીય રાજ્ય મંત્રી અને ભાવનગરના સાંસદ નિમુબેન બાંભણીયાએ નવી દિલ્હી ખાતે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરી સાથે મુલાકાત કરી હતી. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય ભાવનગર સંસદીય ક્ષેત્રના સર્વાંગી વિકાસ માટે રોડ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવવાનો હતો.

બેઠક દરમિયાન નિમુબેન બાંભણીયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે ઉદ્ઘાટન થયેલ અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ વે માટે આભાર વ્યક્ત કર્યો હતો.

આ ઉપરાંત , તેમણે ભાવનગર જિલ્લામાં આવનાર નવી રોડ પરિયોજના તથા શહેરી વિસ્તારોને જોડતા માર્ગોના આધુનિકીકરણ અંગે વિસ્તૃત ચર્ચા કરી હતી. શ્રી ગડકરીએ આ રજૂઆતોને હકારાત્મક રીતે સ્વીકારી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

..............................

માહિતી ખાતુ - મિત્તલ - મોનાલી

# MID BREAK- NEWS- REGIONAL

**આ  સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર નું જીવંત પ્રસારણ  આપ અમારી Youtube ચેનલ A.I.R.  ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.      વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ  newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ   A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.**

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# સ્થાનિક સ્વરાજ્ય

રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીને લઈને પંચમહાલ જિલ્લાના ગોધરામાં ભાજપ દ્વારા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ માટે ગોધરાના 'શ્રી કમલમ' કાર્યાલય ખાતે સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી.

આ પ્રક્રિયામાં પંચાયત અને પાલિકા માટે મોટી સંખ્યામાં દાવેદારો ઉમટ્યા હતા.ખાસ કરીને મહિલા ઉમેદવારોનો ભારે જમાવડો જોવા મળ્યો, જે રાજકીય ક્ષેત્રે મહિલાઓની વધતી સક્રિયતા દર્શાવે છે.

પ્રદેશ નિરીક્ષકોની હાજરીમાં ગોધરા નગરપાલિકા , તાલુકા અને જિલ્લા પંચાયત માટે દાવેદારોની પસંદગી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં પૂર્ણ થઈ.

અરવલ્લી જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સેન્સ પ્રક્રિયા મોડી રાત્રે પૂર્ણ થઈ છે. મોડાસા અને બાયડ ખાતે યોજાયેલી આ પ્રક્રિયામાં મોટી સંખ્યામાં ઉમેદવારી ઇચ્છુક કાર્યકરો ઉમટ્યા હતા.

જિલ્લા પંચાયતની ૩૦ બેઠકો અને તાલુકા પંચાયતની ૧૪૬ બેઠકો માટે ઉમેદવારોની સેન્સ લેવામાં આવી હતી. ઉપરાંત મોડાસા અને બાયડ નગરપાલિકાની કુલ ૬૦ બેઠકો માટે પણ સેન્સ પ્રક્રિયા યોજાઈ હતી.

ભારતીય જનતા પાર્ટી દ્વારા વાવ થરાદ જીલ્લાના ભાભર ખાતે આગમી ચૂંટણી અંગે એક જાહેર સભા અને કાર્યકર સમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ સભામાં ગુજરાત સરકારના રાજ્ય કક્ષાના મંત્રી સ્વરૂપજી ઠાકોરે ચૂંટણીલક્ષી માર્ગદર્શન આપયુ હતું.સભાને સંબોધતા ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને ઉત્તર ઝોન પ્રભારી અજયભાઈ બ્રહ્મભટ્ટએ આગામી પંચાયત

**ચૂંટણીઓમાં પક્ષના વિજય માટે કાર્યકરોને એકજુટ થઈ મેદાનમાં ઉતરવા આહવાન કર્યું હતું. કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાયા તેમને આવકાર્યા હતા.**

**આ જાહેર સભામાં ભાભર પંથકના ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો અને નાગરિકો જોડાયા હતા.**

**...............................**

પીટીસી- ગોધરા-અરવલ્લી-થરાદ -સિમ્પલ - મોનાલી

# HPV Vacination salvasa

**કેન્દ્રશાસિત પ્રદેશ સેલવાસમાં HPV રસીકરણ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય તબીબી અધિકારી ડૉ.શૈલેષે 14 થી 15 વર્ષની દિકરીઓ માટે રસીકરણનું મહત્વ સમજાવ્યું હતુ.**

.

## બાઈટ – ડૉ.શૈલેષ, મુખ્ય તબીબી અધિકારી

**..............................**

ડીડી- -મિત્તલ – મોનાલી

# GAMBHIRA BRIDGE REOPEN

આણંદ અને વડોદરાને જોડતો ગંભીરા બ્રિજ સમારકામ બાદ ફરી ખૂલ્લો મુકાયો છે. જોકે, હાલમાં માત્ર દ્વિચક્રી વાહનચાલકો જ આ બ્રિજ પરથી પસાર થઈ શકશે. આ બ્રિજ મધ્ય ગુજરાતના મહત્વના માર્ગોમાંથી એક છે. બ્રિજ ફરી શરૂ થતાં સ્થાનિક ચિરાગ પંડ્યાએ પ્રતિક્રિયા આપી.

બાઈટ-ચિરાગ પંડ્યા,સ્થાનિક

....................................

DESK

# Amreli spl story

**અમરેલીના ૮૫ ગામોમાં એકસાથે જળ સંગ્રહના કાર્યો નો તાજેતરમાં પ્રારંભ કરવામાં આવ્યો હતો. ગત પહેલી એપ્રિલે સાણોસરા મુકામે એક વિશાળ જળ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું આવ્યું હતું આ અંગે સાંભળીએ ,અમારા પ્રતિનિધિ હરેશ ટાંકનો અહેવાલ,**

## બાઇટ- હરેશ ટાંક

# EVE STATE WEATHER UPDATE

હવામાન વિભાગે આગામી બે દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. સાથે જ તાપમાનમાં બે-થી ત્રણ ડિગ્રી સૅલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. બે ચક્રવાતી પ્રણાલિ અને પશ્ચિમી વિક્ષેપના કારણે વરસાદની સંભાવના હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉક્ટર એ. કે. દાસે જણાવ્યું.

દરમિયાન કચ્છ ના નલિયામાં  વરસાદી માવઠાના કારણે ખેડૂતો ચિંતામાં મુકાયા છે.

...............................

પીટીસી- અમદાવાદ-મિત્તલ - મોનાલી